# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## જાહેરાત ક્રમાંકઃ- ૧૭/૨૦૨૫-૨૬ વર્ક આસિસ્ટન્ટ , વર્ગ-૩ અંગેની ઉમેદવારો માટે અગત્યની સુચના

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા પંચાયત સેવા વર્ગ-૩ જાહેરાત ક્રમાંકઃ- ૧૭/૨૦૨૫-૨૬ વર્ક આસિસ્ટન્ટ સંવર્ગની ૯૯૪ ખાલી જગ્યા પર સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે તા.૧૭/૦૫/૨૦૨૫ થી તા.૧૦/૦૬/૨૦૨૫ દરમ્યાન ઓનલાઇન અરજી કરવા માટેની સમયમર્યાદા નિયત કરેલ હતી.

ઉકત ઓનલાઇન અરજી કરવા માટેનો સમયગાળો તા.૦૭-૦૭-૨૦૨૫ (સમય-૨૩:૫૯) સુધી લંબાવવામાં આવે છે. તેમજ સામાન્ય વર્ગના ઉમેદવારોએ પરીક્ષા ફી SBI E-Pay ના માધ્યમથી તા.૦૭-૦૭-૨૦૨૫ (સમય-૨૩:૫૯) સુધી ભરવાની રહેશે.

તેમજ મૂળ જાહેરાતના પેરા-૪.૮ માં દર્શાવેલ સામાન્ય વર્ગના ઉમેદવારો પૈકી કોઇ ઉમેદવાર કોઇ પણ કારણસર નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફી ઓનલાઇન મારફતે જમા ન કરાવી શકે તો આવા ઉમેદવારોએ તા.૦૮-૦૭-૨૦૨૫ થી તા.૧૦-૦૭-૨૦૨૫ દરમ્યાન ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની કચેરીએ (કામકાજના દિવસો અને કચેરી સમય દરમ્યાન) રુબરુમાં **PROCESS FEE** ₹ ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) રોકડેથી જમા કરાવશે તો તેમની અરજી ફી ગણીને તેમની અરજી માન્ય રાખવામાં આવશે.

વધુમાં, આ સંવર્ગની મુળ જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અંગે કટ ઓફ તા.૧૦-૦૬-૨૦૨૫ ના બદલે તા.૦૭-૦૭-૨૦૨૫ રહેશે તથા વયમર્યાદા અંગે કટ ઓફ તા.૧૦-૦૬-૨૦૨૫ રહેશે. તેમજ મુળ જાહેરાતની અન્ય વિગતો યથાવત રહેશે.

તા.૩૦-૦૫-૨૦૨૫ સચિવ